KCG-Portal of Journals

Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

**Continuous issue - 19 | April – May 2017**

# અંગારા જેવા આંસુ લૂછવાનો મરણિયો પ્રયાસ

ગાંધીજીના જીવન અને વ્યક્તિત્વને ઉજાગર કરનારા અનેક પુસ્તકો લખાયા છે એ સૌમાં અહી જેની વાત કરવી છે તે પુસ્તકનું પોતાનું અલાયદું સ્થાન છે એમ એના વાંચન પછી પ્રતીત થાય છે. પુસ્તકના મૂળ લેખક પ્યારેલાલ નય્યર ગાંધીજીએ ચલાવેલા સાપ્તાહિકોના તંત્રી તેમજ ૨૮ વર્ષ સુધી ગાંધીજીના અંગત મંત્રી તરીકે રહ્યા હતા. ગાંધીજીના જીવનના છેલ્લા પંદર મહિનાની ઘટનાઓ આ પુસ્તકમાં રજૂ થયેલી છે જેમાં ગાંધીજીએ હિન્દુ-મુસલમાનના કોમવાદી ઝઘડાઓને થાળે પાડવા માટે અથાક પ્રયત્ન કર્યો હતો તેનું વર્ણન છે. પ્યારેલાલ નય્યરે પોતાની નોંધપોથી તેમજ ગાંધીજી સાથે જોડાયેલા બીજા લોકોની ડાયરી-નોંધપોથીઓનો પણ સહારો લીધો છે, તેઓ પોતે ગાંધીજીના લખાણ અને પત્રવ્યવહાર સાચવતા હતા એટલે આવા નક્કર પુરાવાઓને આધારે તેમના દ્વારા લખાયેલા આ પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ થયો એ મહત્વપૂર્ણ બાબત છે. પ્યારેલાલે ગાંધીજીનું ચરિત્ર ‘મહાત્મા ગાંધી-ધ લાસ્ટ ફેઝ’ નામથી ૧૯૫૬માં પ્રગટ કર્યું. આ ચરિત્રનો અનુવાદ મણિભાઈ દેસાઇએ ‘પૂર્ણાહુતિ’ નામે કર્યો જે ચાર ભાગમાં ૧૯૬૪ થી ૧૯૭૧ સુધીમાં પ્રગટ થયેલ છે. “આસું લૂછવા જાઉં છું…” પુસ્તક એ ‘પૂર્ણાહુતિ’ના કેટલાક લખાણોવાળું સંપાદિત પુસ્તક છે જેના સંપાદક મહેન્દ્ર મેઘાણી છે.અહી સંપાદિત થયેલા લખાણોમાથી – (પંદર પ્રકરણો અને બે પરિશિષ્ટોમાથી) પસાર થતી વખતે ૧૯૪૬-૪૭ના સમયની દેશની ભયાનક સ્થિતિ અને તેની સામે શાંતિ સ્થાપવા માટે સતત પ્રયત્નશીલ ગાંધીજીની સ્થિતિ ઉજાગર થતી જોઈ શકાય છે. કોમવાદના ઝેરને નાબુદ કરવા માટે ગાંધીજીએ કરેલી તપશ્ચર્યાનું અહીં વર્ણન છે.પ્રસ્તુત છે મે કરેલા આ પુસ્તકના પ્રવાસની ઝાંખી.

‘સૌંદર્યભૂમિમાં પાશવલીલા’નામક પ્રથમ પ્રકરણમાં બંગાળનાનો આખલી જીલ્લામાં ફાટી નીકળેલા કોમી હુલ્લડોનું વર્ણન છે. શરૂઆતમાં નોઆખલીના પ્રાકૃતિક સૌંદર્યની વાત કરીને એની સામે ભયાનક તોફાનોનું બયાન કરવામાં આવ્યું છે. જુઓ ૧૬મી ઓક્ટોબરના રોજ બંગાળના મુખ્ય પ્રધાન શહીદ સુહરાવર્દીએ આપેલું બયાન- “ નહેરોને બાંધી લેવામાં આવી છે,પુલોને નુકસાન પહોચાડવામાં આવ્યું છે તથા રસ્તાઓ પર અડચણો ઊભી કરવામાં આવી છે,તેથી તોફાનગ્રસ્ત વિસ્તારોમાં ફરવાનું લશ્કરને માટે કઇંક મુશ્કેલ બની ગયું છે. નોઆખલીની પરિસ્થિતી અતિશય ખરાબ છે.”૧ વળી પ્યારેલાલ નય્યરે નોંધેલી આ વિગતો જુઓ- “ હિન્દના આધુનિક ઈતિહાસમાં જેનો જોટો જડી શકે તેમ નથી,એવડા મોટા પાયા પર બનેલી કારમી અને કમકમાટી ભરી ઘટનાઓની વાતો નિરાશ્રિતો પોતાની સાથે લેતા આવ્યા....સેંકડો નિર્દોષ લોકો પર પાશવી હુમલા કરવામાં આવ્યા,આખાં ને આખાં કુટુંબોનો બળજબરીથી ધર્મપલટો કરાવવામાં આવ્યો,અપરિણીત કન્યાઓનાં લગ્નો અને પરિણીત સ્ત્રીઓના પુનર્લગ્ન મુસલમાનો સાથે તેમના નજીકના સગાઓની હાજરીમાં જ બળજબરીથી કરવામાં આવ્યાં.”૨ અહીં કેટલાક કિસ્સાઓમાં મુસલમાને હિન્દુઓને બચાવ્યાના માનવતા ભરેલા કિસ્સા પણ નોંધપાત્ર છે. ગાંધીજી તે સમયે દિલ્હીમાં બેઠા બેઠા આ પાશવલીલા સામે લડવાનું આયોજન કરી રહ્યા હતાં. નોઆખલીના તંગ વાતાવરણ તેમજ મુસ્લીમ લીગના “સીધા

પગલા"ના ઠરાવને લીધે સર્જાયેલી કરૂણ પરિસ્થિતીને આ પ્રકરણમાં સૂપેરે રજૂ કરવામાં આવી છે.ધર્મને સર્વોપરી માનનારા વ્યક્તિઓની માનસિકતા કેટલી હદે મલિન બને છે તેનું સ્પષ્ટ ચિત્ર અહીં ઉપસે છે અને આ ચિત્ર આપણા ભારતની જ વાસ્તવિકતાનું ચિત્ર છે.

'જંપીને બેસવા નહીં દઉં!' નામના પ્રકરણમાં ગાંધીજી તોફાનોને ઠારવા માટે બંગાળ જવા રવાના થયા તે સમયની સ્થિતિનું આલેખન છે. ગાંધીજી કહે છે- " હું કોઈનો પણ કાજી બનવાને બંગાળ જતો નથી .હું તો ત્યાં ઈશ્વરના સેવક તરીકે જાઉં છું."૩ (પણ કલકત્તામાં સ્થિતિ ખરાબ હોવાથી ગાંધીજી કલકત્તા રોકાઈ જાય છે અને બંગાળને શહીદ સુહરાવર્દીના ભરોસે છોડે છે. લોકોને સુહરાવર્દીની વાતમાં વિશ્વાસ નહોતો તેમ છતાં ગાંધીજી સુહરાવર્દીમાં વિશ્વાસ મૂકે છે અને કહે છે- '' મુખ્ય પ્રધાનની સામે તમારે અનેક ફરિયાદો છે એની મને ખબર છે પણ તેમણે મને ખાતરી આપી છે કે તેમને શાંતિ જોઈએ છે અને તેમની એ ખાતરીનો હું અવિશ્વાસ ન કરી શકું.''૪ ગાંધીજીના વ્યક્તિત્વનું અનોખું પાસું અહીં પ્રગટ થતું જોઈ શકાય છે. વિવાદો વચ્ચે પણ તેમણે પોતાના આત્માના અવાજને અનુસર્યો, નોઆખલીમાં જે થયું તેના પરિણામે બિહારમાં હિન્દુઓ મુસલમાન ઉપર તૂટી પડ્યા તેવા સમયે એક પ્રાર્થનાસભામાં તેઓ કહે છે- '' વેર લેવું એ શાંતિનો કે માનવતાનો માર્ગ નથી. તમને તમાચો મારનારને દરગુજર કરવા જેટલા ઉદાર તમે ન થઈ શકતા હો, તો તમે તેને સામો તમાચો લગાવી શકો. પણ ધારો કે ખરેખરો ગુનેગાર ભાગી ગયો અને તમાચો ખાનાર, વેર લેવાને અર્થે, પેલાના કોઈ સગાને અથવા સહધર્મીને તમાચો મારે, તો તે માનવીને ન શોભે એવું કૃત્ય થશે.' મારી દીકરીને કોઈ ઉપાડી જાય તો મારે શું તેની અથવા તેના મિત્રની દીકરીને ઉપાડી જવી? એ તો હીચકારુ કૃત્ય ગણાય. નોઆખલીમાં બનેલા બનાવો માટે તમે બિહારમાં વેર ન લઈ શકો.''૫ ગાંધીજીની આ વાત લોકોના હદયને સ્પર્શી રહેતી હતી. બિહારની ખરાબ હાલત જોઈને આ ગમખ્વાર ઘટનાઓ માટે સમગ્ર હિંદુસ્તાનીઓ તરફથી પ્રાયશ્ચિતરૂપે ગાંધીજી ઉપવાસ આદરે છે. તેમનું તો માનવું છે કે- '' કોંગ્રેસ તો આખી પ્રજાની છે. કોંગ્રેસ જ્યાં સત્તા પર હોય, ત્યાં કોંગ્રેસીઓ જો મુસલમાનોને રક્ષણ આપવામાં નિષ્ફળ નીવડે તો પછી કોંગ્રેસી સરકાર લીગનો અર્થ જ શો છે? એ જ રીતે લીગના શાસનવાળા પ્રાંતમાં, લીગી મુખ્ય પ્રધાન હિન્દુઓને રક્ષણ ન આપી શકે, તો તેમનો એ હોદ્દા પર હોવાનો અર્થ શો? ''૬ આ પ્રકરણમાં આલેખાયેલી વિગતો સાબિતી પૂરી પાડે છે કે ગાંધીજી પોતે પણ નહોતા જંપતા અને સાથે જોડાયેલા સર્વને પણ જંપીને બેસવા દેતા નહોતા કારણ કે બેસી રહેવાનો એ સમય જ નહોતો. બિહારના લોકોને ઉદ્દેશીને તેમણે અપીલ કરી- ''તમારે ત્યાંથી ભાગી છૂટેલો એકે એક મુસલમાન પોતાને ઘેર પાછો ન ફરે ત્યાં સુધી તમારે જંપીને બેસવાનું ન હોય. તેનું ઘર પાછું બાંધી આપવાનું તમારે માથે લેવું જોઈએ.''૭ આ અપીલની અસર થઈ. હિન્દુ-મુસલમાનના અલગ અલગ પ્રતિનિધિમંડળને મળીને ગાંધીજી પરિસ્થિતિને કાબુમાં લેવાના હવાતિયા મારે છે તેનું વિગતે વર્ણન આ પ્રકરણમાં થયેલું છે.

" અજ્ઞાત સાગરને ખેડવા " પ્રકરણમાં ગાંધીજી ચૌમુહાની પહોચીને પરિસ્થિતી કાબુમાં લેવાના પ્રયત્ન કરે છે તેનું વર્ણન છે. લોકોના સવાલો અને ગાંધીજીના જવાબો આ પ્રકરણમાં મહત્વની ભૂમિકાએ લેખી શકાય. નોઆખલીના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ ગાંધીજીને ખાતરી આપે છે કે નોઆખલીમાં ફરીથી રમખાણો નહીં થાય. ગાંધીજી પોતાની છાવણી દત્તપાડાથી ખસેડીને કાઝીરખીલમાં સ્થાપે છે અને કોમવાદ ઠારવા પ્રયત્નશીલ રહે છે. મુસ્લીમ લીગની રાજકીય ચહલ પહલ ગાંધીજીના કાર્યમાં અડચણરૂપ બની રહી હોવાનું પણ અહીં દર્શાવાયું છે. ગાંધીજી નોઆખલીમાં મુસ્લીમના ઘરે માત્ર બે સાથીદારો સાથે રહે છે. હિન્દુ-મુસ્લીમ એકતાનું કાર્ય ઘણું

કપરું હતું. ગાંધીજી પોતાના વર્તમાનપત્રમાં જે લખે છે તે પ્યારેલાલે આ મુજબ નોંધ્યું છે- “ આ વખતનું કામ મારા જીવનમાં સૌથી વધારે અટપટું છે.”૮

ચોથા પ્રકરણ “ એકાંતવાસમાં સાધના ”માં ગાંધીજી શ્રીરામપુર ગામમાં વસવાટ કરે છે અને શાંતિ સ્થાપવાના પ્રયાસ કરે છે. આ પ્રકરણમાં ગાંધીજીએ લખેલા પત્રો તારીખ સાથે લેખકે રજૂ કર્યા છે તે નોંધનીય બાબત છે. એકલા જ બધુ કામ કરતાં ગાંધીજીની સ્થિતિ જુઓ- “કેટલીકવાર તેમને દિવસમાં સોળ કલાક કામ કરવું પડતું. પોતાના કપડાં પોતે જ સાંધી લેતા અને પાછળથી તો પ્રવાસનો પોતાનો સરસામાન પણ પોતે જ બાંધી લેતા. ”૯ વળી લોકોને માંદગીમાં મદદરૂપ થવા માટે ગાંધીજી ડો.સુશીલાને બોલાવતા. ડો.સુશીલા દરરોજ છ માઈલ ચાલીને આવતી. પોલીસના વર્તનમાં ભેદભાવની ગંધ આવતા ગાંધીજી પોતે પ્રધાનોને મળવાનું નક્કી કરે છે. અલગ પાકિસ્તાનની માંગણી બાબતે ગાંધીજી હિન્દુ મહાસભાના પ્રમુખ એન. સી. ચેટરજી સાથે વિસ્તૃત ચર્ચા કરે છે. “સમતોલપણાની તાલીમ” નામક પાંચમા પ્રકરણમાં નોઆખલીમાં સેવા અર્થે કાર્યરત સંસ્થાઓ અને ડોક્ટરોને ગાંધીજી પ્રવૃતિમાં પ્રમાણિક બનવાનું સૂચવે છે. આઝાદ હિન્દ ફોજના અફસરો પ્રત્યે ગાંધીજી સંવેદનશીલ છે પણ તેમના માર્ગે આઝાદી મળે એ વાતમાં તેમને વિશ્વાસ નહોતો. આઝાદ હિન્દ ફોજને મદદ કરવાના સ્રોત માટે પણ ગાંધીજી ચર્ચા કરે છે. શ્રીરામપુરના વસવાટ દરમિયાન ગાંધીજી ખાસ્સું એવું પરિવર્તન લાવી શક્યા. પ્યારેલાલે નોંધ્યું છે કે– “ જેમના સિદ્ધાંતોનો તથા જેમની નીતિનો ગાંધીજીને વિરોધ કરવો પડ્યો હતો, તેમનો પ્રેમ તથા વિશ્વાસ સામાન્ય રીતે તેઓ જાળવી રાખી શક્યા હતા, એ વસ્તુ તેમને જીવનભર નિરંતર સમાધાન આપતી રહેતી હતી.”૧૦ “ મારુ કરબલા ” નામક છઠ્ઠા પ્રકરણમાં ગાંધીજીની મુખ્ય દ્વિધા એ છે કે બિહારની સ્થિતિ વિશે મુસ્લીમ લીગનો અહેવાલ અને અન્ય જગ્યાએથી મળતા અહેવાલમાં ખાસ્સો એવો તફાવત હતો, એ બેમાં સાચી વિગત કઈ? એ બાબતે ગાંધીજી ચિંતિત હતા. બિહારના મુખ્યપ્રધાનને પત્ર લખવા છતાં મુખ્યપ્રધાનનો કોઈ જવાબ આવતો નથી. અંતે પ્રાર્થનાસભામાં લોકોને ઉદ્દેશીને ગાંધીજી કહે છે- “ જે કારણે હું નોઆખલી આવ્યો હતો તે જ કારણે હું બિહાર જાઉં છું ”૧૧ બિહાર જઈને ગાંધીજી ત્યાંનાં પ્રધાનોને મળીને ચર્ચા કરે છે. ગાંધીજીને મન બિહાર એ તેમનું કરબલા હતું અને ત્યાં ગાંધીજીએ પોતાનો સંદેશો અસરકારક રીતે વહેતો કર્યો. ગાંધીજી બિહારમાં પ્રેમની આણ પ્રવર્તાવવા જ ગયા હતા અને એટલે જ સાતમા પ્રકરણનું શીર્ષક “ પ્રેમની આણ પ્રવર્તાવવા ” છે. ૧૯૪૨ની ‘હિન્દ છોડો’ની લડત દરમિયાન લીગનો વિરોધ હોવાથી ત્યાં બે કોમોમાં ભેદ પડી જ ગયો હતો અને લીગના ‘સીધા પગલા”ના ઠરાવને લીધે સ્થિતિ વધુ બગડી ગઈ. આ પ્રકરણમાં એવી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જુઓ- “ શહેરમાં સો જેટલા ઘરો બાળી મૂકવામાં આવ્યા હતા. આશરે છ હજાર લોકોએ સ્કૂલમાં આશરો લીધો હતો.ત્યાં તેમની દશા બહુ જ ખરાબ હતી. ”૧૨ ગાંધીજી આંશિક ઉપવાસ જાહેર કરે છે અને કોમવાદી ઝઘડા ચાલુ જ રહે તો આમરણ ઉપવાસ કરવાનું જાહેર કરે છે. વળી માનવતા ભરેલા દાખલા પણ અહી ઉલ્લેખિત છે જેમ કે– “ ગંજના રબારીઓએ અહીજાનના ૬૦૦ મુસલમાનોની જિંદગી બચાવી હતી. બીજા એક ગામમાં હિન્દુઓએ પડોશના ગામોના ૪૦૦ જેટલા મુસલમાનોને આશરો આપ્યો હતો.”૧૩ બિહારમાં ગાંધીજી બંને કોમના હૃદયને જીતવા આવ્યા હતા અને માનવતાની મહેક ફેલાવવા આવ્યા હતા. આરંભમાં જ ડગી ગયેલા લોકશાહીના પાયાને ગાંધીજી સ્થિર રાખવા માટે મહત્વપૂર્ણ પ્રયાસો કરે છે.

“ હું હાડપિંજરોને પૂછીશ....” નામક આઠમા પ્રકરણમાં ગાંધીજી એ સ્પષ્ટ કરે છે કે તોફાનો ક્યાય પણ બને એમાં સૌ હિંદુસ્તાનીઓનો હિસ્સો છે. ગાંધીજી વિવિધ ગામોની મુલાકાત લઈને સ્થિતિને થાળે પાડે છે. અહી

ખાન અબ્દુલ ગફારખાન નામના મહત્વના વ્યક્તિનો ઉલ્લેખ છે. હિન્દુઓ અને મુસ્લિમો બંને તેમને માન આપતા હતા. ગાંધીજી પર તેમને પૂરી શ્રદ્ધા હતી. અહીં 'મસોઢી અને બીર, અન્દારી, ગોરાઈયાખારી, હસદીહા જેવા ગામોનો ઉલ્લેખ છે જ્યાં તંગ સ્થિતિ હતી. ગાંધીજી જાહેર કરે છે કે– '' મારા દિલમાં એવી આગ બળી રહી છે કે, હું બધા સ્થળોએ ભમીશ અને જ્યાં ત્યાં પડેલા હાડપિંજરોને પૂછીશ કે આ કેવી રીતે બનવા પામ્યું? ''૧૪ આ પ્રકરણમાં વિવિધ ગામોમાં બનેલી કરુણ ઘટનાઓનું હૃદયદ્રાવક નિરૂપણ થયેલું છે. આ પ્રકરણમાં ઉલ્લેખિત છે કે ગાંધીજી બિહારમાં ઠરીઠામ થઈને કદી રહી શક્યા જ નહીં. 'બાળક પણ વિરોધ કરશે તો-' નામક નવમા પ્રકરણમાં ગાંધીજીની સભામાં આવનાર લોકોમાં જ બે ભાગ પડે તેવી સ્થિતિ નિર્માણ પામે છે કારણ કે ગાંધીજી પ્રાર્થનાસભામાં 'કુરાન'ની આયાતો બોલે છે. પણ ગાંધીજીને ટેકો આપનારાઓની સંખ્યા વધારે હતી. ગાંધીજીએ જાહેર કર્યું હતું કે કોઈ એક બાળક પણ વિરોધ કરે તો હું પ્રાર્થના આગળ ન ચલાવું. પંજાબમાં પણ તોફાનો ચાલુ થઈ ગયા હતા એનો ઉલ્લેખ અહી છે. ગાંધીજીની સ્થિતિ જુઓ-'' તેમના ટપાલમાં આવતા પત્રો પૈકી એકના ઉપર 'મહંમદ ગાંધી' એવું સરનામું કરવામાં આવ્યું હતું- બીજા પત્રમાં તેમને 'ઝીણાના ગુલામ' કહેવામા આવ્યા હતા. એથી તેમને કેવળ હસવું જ આવતું હતું. 'લોકોએ જ મને મહાત્માનો ઇલકાબ આપ્યો છે, આ ઉપનામો પણ તેમની જ ભેટો છે,તે પણ એટલી જ આવકારપાત્ર છે.''૧૫ આ પ્રકરણમાં પ્યારેલાલે ગાંધીજી અને જ્હોન રસ્કીન વચ્ચેની સામ્યતા અંગે પણ મહત્વની ચર્ચા હાથ ધરેલી છે, અંતમાં ગાંધીજી વળી પાછા બિહાર જવાની જાહેરાત કરે છે. " વળી પાછુ એકડે એકથી " નામક દશમાં પ્રકરણમાં ગાંધીજી પાછા બિહાર આવીને એકડે એકથી કામ શરૂ કરે છે. મુસ્લિમ લીગના ખોટા માર્ગદર્શનને લીધે ફેલાતી જતી ગેરસમજ બાબતે ગાંધીજી ચિંતિત છે. એકતા માટે ગાંધીજીએ કુરાનની આયાતોના ગુજરાતીમાં અનુવાદો પણ કર્યા. વળી તે જ સમયે કલકત્તામાં પણ સ્થિતિ બગડતી જતી હતી. રાવલપિંડીના રસ્તે જતા વાહ ગામની છાવણીમાં ગાંધીજી લોકોની મુલાકાત લે છે અને પોતાની દીકરી સમાન સુશીલાને નિરાશ્રીતોનું ધ્યાન રાખવા માટે ત્યાં મૂકી જાય છે. સુશીલાએ પોતે જોયેલી ઘટનાઓનું બયાન પ્યારેલાલે આ પ્રકરણમાં નોંધ્યું છે. બિહારની સ્થિતિની કરુણ કહાની  આ પ્રકરણમાં સંવેદનશીલતાથી રજૂ થઇ છે.

અગિયારમાં પ્રકરણ "એક આદમીનું સીમાદળ"નું પ્રથમ વાક્ય જ અત્યંત મહત્વપૂર્ણ છે-"ગાંધીજીના દિલમાં ભારે તોફાન મચી રહ્યું હતું.એક તરફ બિહાર તેમને સાદ પાડી રહ્યું હતું. બીજી તરફ નોઆખલી."૧૬ ૮મી ઓગષ્ટે ગાંધીજી કલકત્તા જવા નીકળે છે અને ત્યાં મુખ્યપ્રધાન પ્રફુલચંદ્ર ઘોષ ,લીગના આગેવાન મહંમદ ઉસ્માનને મળીને ચર્ચા કરે છે. શહીદ સુહરાવર્દી પણ ગાંધીજીને મળીને વિસ્તૃત ચર્ચા કરે છે.  શાંતિ ન સ્થપાય ત્યાં સુધી ગાંધીજી કલકત્તામાં રોકાવાનું જણાવે છે.વળી મુસલમાનોના ટોળાનો ભોગ પણ ગાંધીજી બને છે. કેટલાક લોકો તો કહેતા– " અમને આપનો અહિંસાનો ઉપદેશ નથી જોઈતો. આપ અહીંથી ચાલ્યા જાઓ. અમે મુસલમાનોને અહી રહેવા દેવાના નથી."૧૭ આવા વિરોધો વચ્ચે ગાંધીજી સતત કાર્યરત રહીને કેટલીક વાર તો ખાધા વિના જ સુઈ જતા. સુહરાવર્દી ઉપર લોકો હુમલો કરવા ચાહે છે પણ ગાંધીજી તેને અસફળ બનાવે છે અને ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દીનના રોજ ગાંધીજી સ્વેચ્છાએ પોતાના રહેઠાણ પાસેથી પોલીસને દુર કરીને ત્યાં હિંદુ-મુસ્લિમ સ્વયંસેવકોને ઉભા રાખે છે. એ દિવસે ૩૦હજાર જેટલી મેદનીને ગાંધીજી અને સુહરાવર્દીએ પ્રાર્થનાસભામાં સંબોધિત કરી. જાણે કે સ્થિતિ થાળે પડતી હતી પણ ગાંધીજીના મનમાં આ વાત બેસતી નહોતી, પરંતુ સ્થિતિમાં પલટો આવ્યો એ વાત પણ સાચી હતી. હરિજનબંધુમાં ગાંધીજી લખે છે- "હિંદુ-મુસલમાન વચ્ચે જાણે લડાઈ થઇ જ ન હતી. હજારોની સંખ્યામાં એ બંને ભેટવા લાગ્યા. જ્યાં બીક લાગતી તે

લત્તામાં જતા થઇ ગયા, હિન્દુને મુસલમાન ભાઈ મસ્જીદમાં લઇ જાય, મુસલમાનને હિંદુ મંદિરમાં લઇ જાય."૧૮ લોર્ડ માઉન્ટબેટન લોકોની મેદનીને ગાંધીજીના એક આદમીના સીમાદળ તરીકે ઓળખાવે છે. બારમાં પ્રકરણ "ચાર દિવસનું ચાંદરણું"માં ફરીથી તોફાનો શરુ થયાનું આલેખન છે. કલકત્તામાં હિંસક ઘટનાઓ તીવ્રતાથી વધી રહી હતી. ગાંધીજી સરદાર પટેલને પત્ર લખે છે. રાજાજી, આચાર્ય કૃપલાનીને મળે છે. ગાંધીજી ઉપવાસ આદરે છે અને તેમની હાલત નાજુક થતી જાય છે. જુઓ- "બોલવાની તાણથી ગાંધીજી થાકીને લોથપોથ થઇ ગયા હતા. એકાએક તેમને તમ્મર આવી ગયા. બેચેનીથી પોતાની પથારીમાં તરફડતા તરફડતા તેઓ રામનામનો જપ કરવા લાગ્યા."૧૯ કલકત્તામાં કદી પણ કોમી કલહ નહિ થવા દેવામાં આવે એવા ઠરાવ ઉપર હિંદુ મહાસભા-મુસ્લિમ લીગના લોકોએ સહી કરી ત્યારે ગાંધીજીએ ઉપવાસ છોડ્યા અને કહ્યું કે પંજાબ માટે કંઈક કરી શકવાની તમન્ના હોવાથી તમારી આ બાહેધરીને સ્વીકારીને ઉપવાસ છોડું છુ. પ્રકરણના અંતમાં તેઓ દિલ્હી જવા રવાના થાય છે. "મરેલાનું નગર" નામક તેરમાં પ્રકરણમાં દિલ્હીની ભયાનક સ્થિતિનું વર્ણન છે. ૯સપ્ટેમ્બર ૧૯૪૭ના રોજ ગાંધીજી દિલ્હી પહોચે છે અને તંગ સ્થિતિ તેમજ નિરાશ્રીતોની હાલત જોઇને વ્યથિત થઇ જાય છે. લોકોનો નહેરુ ઉપરનો ગુસ્સો અને નહેરુએ લોકોને આપેલો જવાબ પણ નોંધનીય છે. ગાંધીજી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા સાથે પણ ચર્ચા કરે છે. ડગલે ને પગલે ગાંધીજીનો વિરોધ થાય છે. દિલ્હીમાં મડદા રસ્તા ઉપર રઝળતા હતા. અને તે મરેલાનું નગર બની ગયું હતું. ગાંધીજીએ સફાઈ અભિયાન ચલાવ્યું. ગાંધીજી સતત વ્યસ્ત અને આ કોમવાદી કોયડાનું નિરાકરણ લાવવાનો રસ્તો શોધતા રહ્યા.

"ઈશ્વરને ખોળે" નામક ચૌદમાં પ્રકરણમાં ભાગલા થયા પછીની સ્થિતિને કાબુમાં લેવાની ઘટનાઓ નોંધવામાં આવી છે. જનરલ કરીઅપ્પા ગાંધીજીને મળે છે અને યુદ્ધ બાબતે વિશેષ ચર્ચા કરે છે. હવે હિન્દુસ્તાન અને પાકિસ્તાન એમ બે દેશો હતા અને તોફાનો વધ્યા હતા. હિંદુ મુસ્લિમને અને મુસ્લિમ હિન્દુને નુકશાન પહોચાડતો હતો. સરદાર પટેલ,નહેરુ આ સ્થિતિને પહોચી વળવા અથાક પ્રયત્ન કરતા હતા. ૧૨મી જાન્યુઆરીના રોજ દિલ્હીમાં શાંતિ ન સ્થપાય ત્યાં સુધી ગાંધીજી આમરણ ઉપવાસ ઉપર ઉતરે છે તે ૧૮મી જાન્યુઆરી ૧૯૪૮ના રોજ તેઓ ઉપવાસ છોડે છે. જવાહરે પણ ત્રણ દિવસના ઉપવાસ કર્યા હતા. છેલ્લા "રવિ-કિરણોનું રહસ્ય" નામક પ્રકરણમાં પ્યારેલાલે ગાંધીજીના ગુણો-વિશેષતાની વિગતે ચર્ચા કરી છે. જે સમુહને લઈને ગાંધીજી ચાલ્યા તે– "મોટે ભાગે એ બધા સીધાસાદા લોકો હતા"૨૦ લોકો ઉપર ગાંધીજીના પ્રભાવનું કારણ પ્યારેલાલના મતે ગાંધીજીની સહાનુભૂતિ છે.લોરેન્સ હાઉસમેને નોંધેલી વાત પ્યારેલાલ આ રીતે રજુ કરે છે- "ગાંધીજી એટલા બધા સીધાસાદા અને નિખાલસ સ્વભાવના કે કેટલાક લોકોને તે ગુંચવણમાં નાખી દેતા, એટલા બધા નેકદિલ હતા કે કેટલાક લોકોને શંકાશીલ બનાવતા. તેમના આ ગુણો કેટલીક વાર તેમના વિરોધીઓને અને કોઈક વાર તેમના મિત્રોને સુદ્ધાં મુઝવણભરી પરિસ્થિતિમાં મૂકી દેતા."૨૧ પુસ્તકના અંતમાં પરિશિષ્ટ-૧માં હિન્દ ફોજના માજી અફસર શાહનવાજ લિખિત ગાંધીજીનું સ્મરણ નોંધપાત્ર છે. લોકોને ગાંધીજીમાં કેવી શ્રદ્ધા હતી તે વાત તેમણે હિન્દીમાં કરી છે. હિંદુ અને મુસલમાનને એકબીજા પ્રત્યે જે વેરભાવના બંધાયેલી હતી તેને નિર્મૂળ કરવા માટે અને એ વેરભાવનાનો ભોગ બનેલા લોકોના અંગારા જેવા આંસુ લૂછવા માટે ગાંધીજીએ મરણિયો પ્રયાસ કર્યો એ પ્રયાસ અહીં સુપેરે પ્રસ્તુત થયો છે. એટલે જ હિમાંશી શેલત કહે છે- "ગાંધીજીના આ પ્રયાસની વાત યાદ કરતા હૃદય આર્દ્ર ન બને તો જ નવાઈ !"૨૨

સમગ્ર રીતે જોતા આ પુસ્તક ગાંધીજીના જીવનના છેલ્લા પંદર મહિનાની ગતિવિધિ દર્શાવતું અને ભારતના ઈતિહાસના કલંકિત સમયને આપણી સામે ખડું કરતુ એક મહત્વનું પુસ્તક બની રહે છે એ વાતમાં કોઈ બે મત નથી. કડવું વાસ્તવ આપણી સામે મૂકવા બદલ મૂળ લેખક પ્યારેલાલ નય્યર, અનુવાદક મણિભાઈ ભ.દેસાઈ અને સંપાદક મહેન્દ્ર મેઘાણી એ ત્રણેય ખરેખર અભિનંદનના હકદાર છે.

## પાદટીપ-સંદર્ભ-

I. "આંસુ લૂછવા જાઉં છું..." મૂળ લેખક-પ્યારેલાલ નય્યર, અનુવાદક-મણિભાઈ ભ.દેસાઇ, સંપાદક-મહેન્દ્ર મેઘાણી, પ્રકાશક-નવજીવન પ્રકાશન મંદિર,અમદાવાદ-૧૪, બીજી સંવર્ધિત આવૃત્તિ-૨૦૦૨,પૃ.૦૨
II. એજન
III. એજન- પૃ.૧૦
IV. એજન-પૃ.૧૩
V. એજન
VI. એજન- પૃ.૧૪
VII. એજન- પૃ.૧૫
VIII. એજન- પૃ.૩૦
IX. એજન- પૃ. ૩૩
X. એજન- પૃ.૪૫
XI. એજન- પૃ.૪૯
XII. એજન- પૃ.૫૩
XIII. એજન- પૃ. ૫૬
XIV. એજન- પૃ.૬૧
XV. એજન- પૃ.૭૧
XVI. એજન- પૃ. ૮૪
XVII. એજન- પૃ.૮૮

XVIII. એજન- પૃ.૯૬

XIX. એજન- પૃ.૧૦૫

XX. એજન- પૃ.૧૩૫

XXI. એજન- પૃ.૧૩૮

XXII. એજન- પૃ.૧૪૪

****************************************************************************

ડૉ. મનોજ માહ્યાવંશી

આસીસ્ટન્ટ પ્રોફેસર

ગુજરાતી વિભાગ

ડૉ.એપીજે અબ્દુલ કલામ ગવર્મેન્ટ કૉલેજ

સિલવાસા

Copyright © 2012 - 2017 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat